# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ પાંચ કેસ

**દહેગામમાં 3, કલોલ-ગાંધીનગરમાં ૧-૧- કેસ ગ્રામ્ય વિસ્તારમાં, ૪૬૭ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે : નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનના જ હોવાનુ તંત્રનું તારણ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસોની સંખ્યા ૫૦ પર પહોંચી છે.

આજે નવા નોંધાયેલા કેસોમાં ગાંધીનગર તાલુકામાં ૧, કલોલ અર્બનમાં ૧ અને ૩ દહેગામ તાલુકાના કેસોનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલ કેસોમાં બે મહિલા દર્દી હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસો પણ લોકલ ટ્રાન્સમિશનથી ફેલાયેલા હોવાનું તંત્રનું પ્રાથમિક તારણ છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામે આજે કોરોનાનો બીજો કેસ નોંધાયો છે. આ યુવક સોસાયટીઓના વિસ્તારમાં રહે છે. તેમજ નોકરી કરવા અડાલજથી કંપનીની ખાનગી બસમાં જતો હતો. આ યુવક ફાર્મા કંપનીમાં નોકરી જતો હોવાની વાતો બહાર આવી છે. આ યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

આરોગ્યતંત્ર દ્વારા દર્દીના નિવાસસ્થાને જંતુનાશક દવાના છંટકાવ કરવાની કામગીરી સાથે સઘન સર્વેલન્સના આદેશો આપવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં આજે એકપણ નવો કેસ નથી

**સે. 3 ના બે દર્દીઓ સંપૂર્ણ રોગમુક્ત થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં આજે સાંજે પાંચ વાગ્યા સુધી એક પણ કોરોના પોઝીટીવનો નવો કેસ નહિ આવ્યો હોવાનું મનપાની સત્તાવાર યાદીમાં જણાવાયુ છે.

આ યાદીમાં જણાવાયુ છે કે સે. ૩ના બે દર્દીઓના સતત બે રિપોર્ટ નેગેટીવ આવતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવેલ છે જેમાં એક મહિલા દર્દી અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આ સાથે શહેરમાં નોંધાયેલ ૩૮ કેસ પૈકી ૧૪ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

આ યાદીમાં જણાવાયા મુજબ શહેરમાં હાલ ૪૧૫થી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૩૨૮ લોકો હોમ ક્વોરોન્ટાઈન છે. તો ૯૨ લોકો ફેસેલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે. શહેરમાં ૧૫મી માર્ચથી આજ સુધીમાં ૭૦૨ વ્યક્તીઓ આવી છે અને તેમણે વિવિધ માધ્યમો થકી સેલ્ફ ડેકલરેશન આપેલ છે.

## અડાલજનો કોરોનાનો પ્રથમ દર્દી જીવીત છે અને સારવાર હેઠળ છે

**તંત્રએ ભાંગરો વાટતાં જિલ્લા વિકાસ અધિકારીએ અધિકારીઓના ખુલાસા માંગ્યા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે નોંધાયેલ કોરોનાનો પ્રથમ પોઝીટીવ દર્દી હાલ જીવીત છે અને તે સારવાર હેઠળ કેન્સર યુનિટમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છે તેવી ચોંકાવનારી વિગતો બહાર આવતાં જ જિલ્લા આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આ બાબતે તંત્રના અધિકારીઓ પાસે લેખિતમાં ખુલાસો અને તે પણ સ્પષ્ટતા સાથે માંગતા પંચાયતના વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

જિલ્લાતંએ આ દર્દી મૃત્યુ પામ્યો હોવાની જાહેરાત કરી હતી. આ દર્દીનો મૃત્યુ પામ્યાની વાત કેવી રીતે તંત્ર સુધી પહોંચી અને તંત્રએ તેની ખરાઈ કરી હતી કે નહિ તે બધી જ બાબતો હવે સામે આવશે.

જિલ્લા પંચાયતના આરોગ્યતંત્ર દ્વારા દાખવવામાં આવેલી આ બેદરકારીને લઈ તંત્રની સમગ્ર કાર્યવાહી હવે શંકાના દાયરામાં આવી ગઈ છે. જિલ્લા વિકાસ અધિકારીએ આ બાબતને અતિ ગંભીરતાથી લીધી છે.

## કોરોનાથી કલોલમાં વધુ ૧ દર્દીનું મોત

ગાંધીનગર, તા. ૭

કલોલ અર્બન વિસ્તારમાંથી ગઈકાલે મળેલ કોરોનાના પોઝીટીવ દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે પાંચ વ્યક્તીના કોરોનાના કારણે મોત થયા છે.

જિલ્લા પંચાયતની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ ૫૨ વર્ષીય પુરૂષ દર્દીને હૃદયની પણ તકલીફ હતી અને આજે સારવાર દરમ્યાન તેનુ મોત થયુ છે. ગઈકાલે જ આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતો. આ દર્દી છત્રાલની એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો.

કલોલમાં કોરોના અને અન્ય બિમારીને કારણે બે વ્યક્તીઓના મોત નીપજ્યા છે.

## શહેર-જિલ્લામાં અત્યાર સુધી કુલ કેસ ૮૮ નોંધાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં ૮૮ કેસ નોંધાયા છે. પાંચ દર્દીના સારવાર દરમ્યાન મૃત્યુ થયા છે. જ્યારે ૨૦ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

આ વિગતો આજે રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ની સત્તાવાર યાદીમાં જણાવાઈ છે. આજે ગાંધીનગર શહેર-જિલ્લામાંથી પાંચ દર્દીને રજા આપવામાં આવી છે જેમાં ૪ પુરૂષ દર્દી અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.





સુમસામ શહેર - સતત ધમધમતું રાજ્યનું પાટનગર ગાંધીનગર કેવું સુમસામ ભાસે છે... રોજના હજારો મુલાકાતીઓ અને શહેરના નાગરિકોની અવર-જવરથી ભર્યુ-ભાદર્યુ મહાનગર ભેંકાર ભાસે છે... દોઢ-દોઢ મહિનાથી લોકડાઉનનો શિસ્તબદ્ધ અમલ કરતું ગાંધીનગર જાણે ભગવાનને પણ ભૂલી ગયું છે... મંદિરના દ્વાર પર તાળા લટકે છે... સેક્ટરોના પ્રવેશદ્વારો પર આડશો અને અવરોધો મુકાયા છે... એક-મેકને મળવાની વૃત્તિ-પ્રવૃત્તિ પર જાણે રોક આવી ગઈ છે... હવે તો અઠવાડિયું જ બાકી છે... જોઈએ ક્યારે ખુલશે આ તાળા...

## હેલ્લો... ગાંધીનગર

- ગાંધીનગર શહેરમાં આજે આખો દિવસ નેતૃત્વ પરિવર્તનની અફવાઓ ખૂબ ચાલી હતી. જો કે મોડી સાંજે કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાના ટ્વીટ બાદ અફવાનુ જોર શમ્યુ હતુ.
- ઉચ્ચ સનદી અધિકારીઓ વચ્ચે સંકલનના અભાવની વાતો જોરશોરથી રાજકીય અને મીડિયા વર્તુળોમાં ચાલી રહી છે. રાજકારણીઓની જુથબંધી જેટલી જ અધિકારીઓની જૂથબંધી બહાર આવી રહી છે.
- ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધરે શહેરના તમામ અખબાર વિતરકોને માસ્ક અને સેનેટાઈઝરનું વહેલી સવારે વિતરણ કર્યુ હતુ.
- શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ ઓનલાઈન અભ્યાસક્રમોની જાહેરાત કરી છે.
- ગાંધીનગરમાં દિવસ દરમ્યાન પ્રવેશવા માગંતા બહારના ત્રણ હજાર બસ્સો પચાસ મુલાકાતીઓને પોલીસે કોવિડ ચેકપોસ્ટ પરથી જ પરત મોકલી આપ્યા હતા.
- શહેરના જાણીતા ચારેક અગ્રણીઓ ઈવનીંગ વોક દરમ્યાન પોલીસની ઝપટે ચઢ્યા હતા.
- શહેરમાં ૩૨૮ નાગરિકો હોમ ક્વૉરોન્ટાઈન છે.

## સિવિલ કોવિડ-૧૯ હોસ્પિટલની ક્ષમતા વધારાઈ : પંકજકુમાર

**નેગેટીવ પ્રેશર ઉત્પન્ન કરતું એએચયુ યુનિટ તૈયાર : કુલ ૧૭૦૦ બેડની સુવિધાઓ સાથે અમદાવાદ સિવિલ કોવિડ-૧૯ હોસ્પિટલની ક્ષમતાને વધારી દેવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં કોરોના વાયરસના દર્દીઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને અમદાવાદ તેનું એપિસેન્ટર બન્યું છે. સ્થિતિ વધુ ચિંતાજનક બની રહી છે, આવામાં દર્દીઓની સારવાર માટે રાજ્ય સરકાર તમામ પ્રયાસો કરી રહી છે. આ અંતર્ગત સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. સમગ્ર રાજ્યમાં કોરોના સંક્રમણ પર દેખરેખ માટે ખાસ નિમાયેલા મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે સિવિલ હોસ્પિટલ પરિસરમાં આવેલી ૧૨૦૦ બેડની હોસ્પિટલ તથા કેન્સર હોસ્પિટલમાં શરુ કોવિડ હોસ્પિટલનો ઉલ્લેખ કરી જણવ્યું હતું કે, અત્યાર સુધી ૩,૧૫૩ દર્દીઓ અહીં નોંધાયા છે જેમાંથી ૧૬૧૯ પોઝિટિવ છે અને ૮૦૦ દર્દી દાખલ છે.તેમણે કોરોના દર્દીઓની સારવારમાં હોસ્પિટલમાં છેલ્લા એક મહિનામાં હોસ્પિટલ ખાતે ૬૫,૦૦૦થી વધુ પી.પી.ઈ. કીટનો વપરાશ થયો છે. રોજની ત્રણથી ચાર હજાર પી.પી.ઈ. કીટ વપરાય છે. અંદાજે ૬.૫ લાખ એન-૯૫ માસ્ક અને ૧.૨૫ લાખ હાથમોજા વપરાયા છે. પંકજકુમારે વધુમાં જણાવ્યું કે, હોસ્પિટલની દર્દીઓ સમાવવાની ક્ષમતા વધારવામાં આવી છે. સિવિલ હોસ્પિટલની જ કેન્સર હોસ્પિટલને કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલમાં રૂપાંતરીત કરવામાં આવી છે. જેની ક્ષમતા ૫૦૦ બેડની છે. આમ સિવિલ હોસ્પિટલની કુલ ક્ષમતા ૧૭૦૦ બેડની થવા પામી છે. જેમાંથી ૩૦૦ જેટલા બેડ ક્રિટીકલ કેર (આઈ.સી.યુ) માટે ઉપયોગમાં લેવાશે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, મેડિસીટી ખાતે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર એસ.ઓ.પી. પ્રમાણે તમામ કાર્યો થઈ રહ્યા છે. પર્યાવરણને ધ્યાનમાં રાખતા નેગેટીવ પ્રેશર ઉત્પન્ન કરતું એ.એચ.યુ. યુનિટ બનાવવામાં આવ્યું છે. એસ.ઓ.પી. પ્રમાણે અહીં ૩૦૦થી વધુ તબીબો અને ૧૫૦૦થી વધુ પેરામેડિક કર્મચારીઓ દર્દીઓની સારવારમાં કાર્યરત છે. આ સ્ટાફને શહેરની હોટલોમાં તેમજ હોસ્પિટલ પરિસરમાં આવેલી હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા કરાઈ છે.

## શહેરના ખાનગી દવાખાનો નહીં ખુલે તો તબીબો સામે પગલા લેવાશે : મેયર

**ગાંધીનગરના મેયરે ઇન્ડિયન મેડિકલ એસોસિએશનને પત્ર લખી દવાખાનો ખોલવાની સુચનાનો અમલ કરવા જણાવ્યુ : લોકડાઉનમાં ઘણાં દિવસોથી દવાખાનાઓ બંધ રહેતા દર્દીઓની હાલત કફોડી**

ગાંધીનગર તા ૭

ગુજરાતમાં છેલ્લા ૪૩ દિવસથી લોકડાઉન છે. જયારે લોકડાઉન દરમિયાન જીવનજરૂરી ચીજવસ્તુઓ સિવાય અન્ય તમામ દુકાનો બંધ છે. પરંતુ લોકડાઉન દરમિયાન શહેરના ખાનગી દવાખાનાઓ પણ બંધ છે. જેના લીધે નાની મોટી બિમારી ધરાવતા દર્દીઓની હાલત કફોડી બની છે. મહામારીના સંજોગોમાં ડોકટરો માનવધર્મ નિભાવવો જોઈએ આ સ્થિતિને અનુલક્ષીને ગાંધીનગર કોર્પોરેશને નગરની હોસ્પિટલો , કિલીનીક , નર્સિંગ હોમને આગામી ૪૮ કલાકમાં ખોલવા માટે પણ તાકીદ કરી છે. જયારે નિયત સમયમાં દવાખાના નહીં ખોલવામાં આવે તો એપીડેમીક એકટની જોગવાઈ મુજબ પગલા લેવા માટે ગતિવિધિ હાથ ધરાશે તેમ પણ જણાંવાયુ છે.

સમગ્ર વિશ્વમાં કોરોનાની મહામારીથી નાગરિકો ત્રાહીમામ છે. દેશમાં પણ કોરોના વાયરસના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે લોકડાઉન જારી કરવામાં આવ્યુ છે. ગુજરાતમાં પણ છેલ્લા ૪૨ દિવસથી લોકડાઉન છે. જયારે લોકડાઉન દરમિયાન તબીબી સેવા પણ બંધ છે. જેના લીધે નાની મોટી બિમારીની સારવાર માટે દર્દીઓએ પીડા વેઠવાનો વારો આવ્યો છે. દર્દથી કણસતા દર્દીઓને નજીકમાં આરોગ્ય સારવાર મળતી નથી. આ મામલે કેન્દ્ર તેમજ રાજય સરકારે વારંવાર અગાઉ પણ તબીબોને હોસ્પિટલો, કલિનિક તેમજ નર્સિંગ હોમ ખોલવા માટે સુચના આપી હતી. આમછતા ઘણાં દિવસોથી આ હોસ્પિટલો તેમજ ખાનગી કલિનીક બંધ છે.

વિશ્વ મહામારીના સંકજામાં છે આવા સંજોગોમાં દરેક નાગરિકોને તબીબી સેવા પુરી પાડવી એ ડોકટરોની મુળભુત ફરજ છે. આવા સંજોગોમાં પણ દવાખાનાને તાળા વાગતા ગાંધીનગર કોર્પોરેશને આખરે તબીબોને અલ્ટીમેટમ આપી દીધુ છે. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલે એસોસિએશનમાં સમાવિષ્ટ તમામ ખાનગી તબીબોને તમેના હોસ્પિટલ ,કિલીનીક , નર્સિંગ હોમ ૪૮ કલાકમાં કાર્યરત કરી આમ નાગરિકોને આરોગ્ય સેવા પુરી પાડવા અને માનવધર્મ નિભાવવા જણાંવ્યુ છે. ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારના તબીબો આ સમયમર્યાદામાં તેમના હોસ્પિટલ , કિલીનીક નર્સિંગ હોમ ચાલુ નહી કરે તો વહીવટી તંત્રને પગલા લેવા માટે આદેશ કરવામાં આવશે. જયારે આગામી ૪૮ કલાકમાં દવાખાના નહીં ખોલવામાં આવે તો ધી એપીડેમીક એકટ ૧૮૯૭ની કલમ ૧ થી ૪ ની જોગવાઈઓ ૨ ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦ની જોગવાઈઓ તેમજ ૩ ધી ઈન્ડિયન પિનલ કોડ ૧૮૬૦ ની કલમ ૧૮૮ ની જોગવાઈઓ અન્વયે જરૂરી પગલા લેવા અંગે ગાંધીનગરના વહીવટી તંત્રને આદેશ કરવામાં આવશે. મહામારીના સંજોગોમાં મેયરે નગરના તમામ ખાનગી તબીબોને તેમનો માનવધર્મ નિભાવવા માટે જણાંવ્યુ છે.

## અમદાવાદ-રાજકોટ માર્ગ બંધ : કલેક્ટર રાજકોટ

**રાજકોટમાં લગ્નવિધિ માટે મંજૂરી આપી દેવાઈ : લગ્નમાં હાજર રહેતા લોકોની યાદી આપવી પણ ફરજિયાત રહેશે**

અમદાવાદ,તા.૭

સમગ્ર ગુજરાત રાજયમાં અમદાવાદમાં કોરોના વાયરસની સ્થિતિ સૌથી વધુ ગંભીર, ખતરનાક અને બેકાબૂ બની રહી છે ત્યારે અમદાવાદમાંથી કોરોના વાયરસનું સંક્રમણ રાજકોટ સુધી ના પહોંચે તે હેતુથી રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય મારફતે રાજકોટ-અમદાવાદ વચ્ચે વાહનવ્યવહાર - અવરજવર પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો હતો. એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવા સિવાય કોઈપણ પ્રકારની અવરજવર હવે રાજકોટ-અમદાવાદ વચ્ચે થઈ શકશે નહી. રાજકોટમાં પણ કોરોના વધતા કહેરને લઈ સ્થાનિક જિલ્લા, વહીવટી અને આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. ખાસ કરીને કોરોનાના કહેરને લઈ લોકડાઉનમાં લોકોએ કામ વગર બહાર નીકળવાની પણ મનાઈ છે. લોકડાઉનના ૪૩મા દિવસે આજે પણ લોકો કામ વગર બહાર નીકળતા નથી. એવામાં અગાઉથી જેમના લગ્ન અને સગાઈ લેવાયા હતા તેઓએ પણ તારીખ કેન્સલ કરાવી નાખી છે. પરંતુ આજે રાજકોટના નાયબ કલેક્ટર પરિમલ પંડ્યાએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં લગ્નવિધિ માટે મંજૂરી આપવામાં આવી છે. ૨૦ લોકોએ લગ્નવિધિ માટે પ્રાંત અધિકારીની મંજૂરી લેવી પડશે. લગ્નમાં હાજર રહેતા લોકોની યાદી આપવી પણ ફરજિયાત રહેશે. એ સિવાય લગ્નમાં વરઘોડો, દાંડીયારાસ કે જમણવાર રાખી શકાશે નહીં. રાજકોટમાં આજે પણ બે પોઝિટિવ આવતાં કુલ આંક ૬૪ સુધી પહોંચી ગયો છે. જો કે રાજકોટમાં માત્ર જંગલેશ્વર વિસ્તારમાંથી પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com